R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction



અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 31 DATE: 04-08-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## આખરે કેન્દ્ર સરકાર ઢીલી પડી અને જસ્ટીસ જોસેફને સુપ્રીમના જજ બનાવવાની કોલેજીયમની ભલામણને મંજુરી આપી દીધી

જસ્ટીસ જોસેફને સુપ્રીમ કોર્ટના જજ બનાવવાની કોલેજીયમે કરેલી તરફેણ સાથે કેન્દ્ર સરકાર સંમત થતી નહોતી પરંતુ આખરે ન્યાયતંત્ર સાથે લાંબા સમયથી ચાલી રહેલી મડાગાંઠનો અંત લાવતાં કેન્દ્ર સરકારે ઉત્તરાખંડના ચીફ જસ્ટીસ કે.એમ. જોસેફને સુપ્રીમ કોર્ટના જજ બનાવવી કોલેજીયમની ભલામણને મંજુરી આપી દીધી છે. આ સાથે જ સરકારે અન્ય કેટલીક મંજુરીઓ પણ આપી છે. મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ઈન્દીરા બેનર્જી અને ઓરિસ્સાના હાઈકોર્ટના ચીફ જસ્ટીસ વીનીત સરનને પણ સુપ્રીમમાં જસ્ટીસ તરીકે નીમવાની ભલામણને પણ મંજુરી આપી દીધી છે.સુત્રોના જણાવ્યા મુજબ આ ફાઈલો બે તબક્કામાં મંજુર થઈ હતી.

નિમણુંકો માટેના વોરન્ટસ આવતા અઠવાડીયે જારી થાય તેમ છે.આ નિમણુંકો બાદ હવે સુપ્રીમમાં જજોની સંખ્યા વધીને ૨૫ થઈ જશે.જો કે હજુ પણ ૭ જજોની જગ્યાઓ ખાલી પડી છે.સુપ્રીમના ચીફ જસ્ટીસ દીપક મિશ્રાના અધ્યક્ષપદ હેઠળની કોલેજીયમે જસ્ટીસ જોસેફને જજ તરીકે નીમવાની દરખાસ્ત ૧૦ જાન્યુ. કરી હતી.જસ્ટીસ જોસેફ પાસે સીનીયોરીટીનો અભાવ છે તેમ કહીને સરકારે ૩૦ એપ્રિલે દરખાસ્તને નકારી કાઢી હતી.સરકારે એવો સવાલ કર્યો હતો કે અને હાઈકોર્ટમાં જજો નથી અને જસ્ટીસ જોસેફની પદોન્નતિ પ્રાદેશિક રજુઆતના સિધ્ધાંતની વિરુધ્ધમાં હશે. તેમની પેરન્ટ હાઈકોર્ટ કેરળ હાઈકોર્ટ છે.તે પછી પણ અનેક વખત આ દરખાસ્ત પાછી મોકલાઈ હતી.અંતે સરકારે તેને મંજુર રાખવી પડી છે. જસ્ટીસ જોસેફ ૨૦૧૬માં ઉત્તરાખંડમાં હરીશ રાવતની આગેવાની હેઠળની કોંગ્રેસની સરકારના પતન બાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાશન લાદવાની દરખાસ્તને નકારી કાઢી હતી.

## કાશ્મીરી પંડિતોની ‘ઘર વાપસી’ ક્યારે થશે તેવો અણિયારો સવાલ કેન્દ્રને કરતી શિવસેના

શિવસેનાએ નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સના મુદે કેન્દ્રની મોદી સરકારને ટેકો આપ્યો છે, જો કે સામે શિવસેનાએ સવાલ કર્યો છે કે શું કેન્દ્ર સરકારમાં વિસ્થાપિત થયેલા કાશ્મીરી પંડિતોની ઘરવાપસી કરાવવાની હિંમત છે ? ભાજપના સહયોગી પક્ષે વધુમાં જણાવ્યુ હતું કે દેશની સુરક્ષા માટે ખતરારુપ હોય તેવા ઘુસણખોર તત્વોને કાશ્મીરમાંથી ઉખાડી ફેકવા જોઈએ. જમ્મુ અને કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતી કલમ ૩૭૦ને હટાવવી તે એનઆરસી ડ્રાફ્ટ જાહેર કર્યો તેટલું જ રાષ્ટ્રવાદી કાર્ય છે.

શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં જણાવ્યું છે કે ભાજપ આસામમાં ૪૦ લાખ ઘુસણખોરોને તગેડવા સખત મહેનત કરી રહ્યુ છે. આવા ગેરકાયદે તત્વો બહાર ખદેડવા તે રાષ્ટ્રવાદી કામ છે. અને અમે તેના માટે કેન્દ્ર સરકારનો અભિનંદન આપીએ છીએ. ગેરકાયદે રહેવાસીઓ બાંગ્લા દેશી, શ્રીલંકન,પાકિસ્તાન કે રોહિગ્યા મુસ્લીમો હોય, તેમને દેશ બહાર કરવા જોઈએ.

જે આસામમાં થયું તે કાશ્મીરમાં પણ થયું હતું. શિવસેનાએ કહ્યુ હતું કે દેશની સુરક્ષાને માત્ર આસામના ૪૦ લાખ ઘુસણખોરોથી ખતરો નથીf. કાશ્મીરમાં સ્થિતિ દિવસે ને દિવસે બદતર બની રહી છે. પ ાકિસ્તાનમાં ઈમરાનખાનના નેતૃત્વમાં ભારતને વધુ ખતરો રહેલો છે. જો કે પાકિસ્તાનમા તાજેતરમાં ચુંટણીઓમાં થયેલ સત્તા પરિવર્તનમાં ઈમરાનખાનની પાર્ટી વધુ સીટો જીતી અને તેમણે ગોધરાકાંડની યાદ તાજી કરાવી.એનો મતલબ એ થાય છે કે તેઓ ભારત સાથેના સબંધો સારા બને તે દિશામાં કામ કરશે નહીં પરંતુ વેરની વસુલાત જેવા કાર્યક્રમો કરશે.

## આસામમાં ૪૦ લાખ લોકો એનઆરસીમાંથી બાકાત કરાયા બાદ દંડાત્મક કાર્યવાહી સામે સુપ્રીમ કોર્ટની રોક

આસામમાં નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સ(એનઆરસી)માં ૪૦ લાખ લોકોના નામની બાદબાકી મામલે સમગ્ર દેશમાં સત્તારુઢ અને વિપક્ષો વચ્ચે આક્ષેપો -પ્રતિઆક્ષેપો થઈ રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે એનઆરસીના સમગ્ર મુસદ્દાના પ્રકાશનના આધારે કોઈની સામે જોર જુલમ કરી શકાશે નહીં, કેમકે આ માત્ર મુસદ્દો છે.સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે આ મુસદ્દો આખરી નથી અને કોઈને પરેશાન કરાશે નહીં.તેણે આ મામલે દાવા અને વાંધાઓ પર દેખરેખ અને તેના નિકાલ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર ઘડવા અને તેને મંજુરી માટે મોકલવા કેન્દ્રને સુચના આપી હતી.

સુપ્રીમે કહ્યુ હતું કે આ પ્રક્રિયા યોગ્ય હોવી જોઈએ અને તેમાં એનઆરસીમાંથી બાદબાકી ધરાવતી વ્યક્તિને રજુઆતની યોગ્ય તક પુરી પાડવી જોઈએ.જસ્ટીસ રંજન ગોગાઈ અને જસ્ટીસ આર.એફ.નરીમાનની બેન્ચે જણાવ્યુ હતું કે કોર્ટે એમ નોંધવાનું પસંદ કરશે કે જે કંઈ પણ પ્રકાશિત થયું છે તે એનઆરસીનો એક પુર્ણ મુસદ્દો છે, જે કોઈ સત્તાવાળા દ્વારા કોઈ દંડાત્મક પગલાંનો આધાર ન હોઈ શકે.

પશ્ચિમ બંગાળ ના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઘુસણખોરીની ઓળખ માટે તૈયાર એનઆરસીના ડ્રાફ્ટ મામલે નારાજગી દર્શાવી છે અને કહ્યુ છે કે લોકોમાં ભાગલા પાડવા માટે રાજકીય હેતુથી આ કવાયત હાથ ધરાઈ છે.તેમણે ચેતવણી આપી છે કે આસામમાં ૪૦ લાખ લોકોને દેશના નાગરિક ગણવા સામે જે સવાલ શરુ થયો છે તેનાથી ખુનામરકી થશે અને નાગરીક યુધ્ધ ફાટી નીકળશે.ભાજપ પર પ્રહારો કરતાં તેમણે કહ્યુ કે કેસરીઓ પક્ષ દેશના ભાગલાનો પ્રયાસ કરી રહ્યો છે.પરંતુ તે ચલાવી લેવામાં આવશે નહીં.પુર્વ પ્રમુખ ફકરુદીન અહેમદના પરિવારના સભ્યોના નામો પણ એનઆરસીમાં સામેલ કરાયાં ન હોવાનું તેમણે જણાવ્યુ હતું.

મમતા બેનરજી ગૃહમંત્રી રાજનાથસિંહને મળ્યા હતા.અને એનઆરસી બિલમાં નવું સંશોધન કરવા અથવા નવું બિલ બનાવવાની માંગણી કરી હતી.ગૃહમંત્રીએ તેમને ખાત્રી આપી હતી કે કોઈનું નામ ખોટી રીતે રહી જાય નહી તે અંગે સ્પષ્ટતા કરી હતી.તેમણે કહ્યુ હતું કે ભાજપના લોકો કહે છે કે આસામ બાદ પશ્ચિમ બંગાળ આગામી ટાર્ગેટ છે.મારો સવાલ છે એ છે કે આ આદેશ તેમને કોણે આપ્યો છે ? હાલમાં કોઈ બંગાળ અંગે કહે છે એ પછી બિહાર અને મહારાષ્ટ્રની વાત કરશે. એ પછી ગુજરાત અને યુપી શું આવી રીતે દેશ ચાલશે ?તેમણે ચેતવણી આપી હતી કે આ રીતે ખુનામરકી શરુ થઈ જશે. આ એક મોટી હોનારત છે.અમારા દેશના શરણાર્થીઓને કાઢીને ફરીથી શરણાર્થીઓ બનાવી દેવાં યોગ્ય નથી.અને એ રીતે તેમની ઓળખ ખતમ કરી દેવી યોગ્ય નથી.જો ૪૦ લાખ લોકો ખતમ થઈ જશે તો ભોજન,નોકરી,ઘર સહિતની વસ્તુઓ તેમને કેવી રીતે મળશે ? જો કે ગૃહમંત્રીએ તેમને આશ્વાસન આપ્યુ હતું કે આ લોકો સાથે કોઈ અમાનવીય વર્તન કરવામાં નહીં આવે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ટેક્સમાં ગુંચવાડો હોય તો લાભ કરદાતાને ન મળે : સુપ્રીમ કોર્ટ

કરવેરા મુક્તિને લગતાં જાહેરનામાંના મામલે સુપ્રીમ કોર્ટે તેનો ૨૧ વર્ષ જુનો ચુકાદો પાછો ઠેલવ્યો છે અને કહ્યુ છે કે કરરાહતોના મામલે નોટીફિકેશનમાં કોઈ પણ ગુંચવાડો(અસ્પષ્ટતા) સરકારની તરફેણમાં જ ધ્યાનમાં લેવા જોઈએ.૧૯૯૭માં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે કરમુક્તિની જોગવાઈ અથવા નોટિફીકેશનમાં કોઈપણ ગુંચવાડો હોય તો તેનો લાભ કરદાતાને ન મળવો જોઈએ.પરંતુ હવે તેણે આ ચુકાદો રદબાતલ ઠેરવ્યો છે.આમ કરમુક્તિમાં હવે કોઈ ગુંચવાડો સમજીને કોર્ટમાં જનાર કરદાતાને કોઈ લાભ નહીં મળે.પાંચ જજની બંધારણીય બેન્ચે કહ્યુ હતું કે આકરા અર્થઘટનને પાત્ર હોય તેવા સરકારના જાહેરનામાંમાં વેરામુક્તિમાં કોઈપણ ગુંચવાડોનો દાવો કરદાતા ન કરી શકે.જસ્ટીસ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેન્ચે કહ્યુ હતું કે તેનો કેસ મુક્તિની જોગવાઈ અથવા નોટીફીકેશનના માપદંડમાં આવે છે તે દર્શાવવા માટે લાભ મેળવવાની યર્થાથતા સાબિત કરવાનો બોજ પણ કરદાતાએ ઉઠાવવાનો રહેશે.ઉલ્લેખનીય છે કે ૧૯૯૭માં સન એક્સપોર્ટ કોર્પો.અને મુબઈ કસ્ટમ કલેકટર અંગેના કેસમાં ત્રણ જજની બેન્ચે ઠરાવ્યુ હતું કે કરવેરા મુક્તિ અથવા જાહેરનામાંમાં કોઈ ગુંચવાડો હોય તો તેને આવી મુક્તિનો દાવો કરતાં કરદાતાની તરફેણમાં અર્થઘટિત કરવા જોઈએ.

જો કે કરવેરા ભરવાની બાબતે મતમતાંતરો હોવાથી ગુંચવાડાઓ ઊભા થાય છે.આખરે કરમુક્તિ મળી શકે કે કેમ તે માત્ર આવકવેરા અધિકારી દ્વારા જ નક્કી કરાય અને ત્યારે કરદાતાને મુશ્કેલીઓ પડે છે.કહેવાતા નિષ્ણાતોના અભિપ્રાય પર આધારીત કરમુક્તિ શક્ય ન બને ઉપરથી બોજો સહન કરવો પડે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવક્રાંતિ

અમદાવાદ શહેરમાં હાઈકોર્ટે આપેલા હુકમોને કારણે મ્યુની.કોરપોરેશના અધિકારીઓ જાગ્યા,પોલીસ તંત્ર જાગ્યું અને પરિણામે શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ પર આવેલા દબાણો તોડવાનો પ્રારંભ થઇ ગયો.ઠેર ઠેર પાર્કિંગ કરાતા વાહનો સામે પોલીસની ઝુંબેશને કારણે રસ્તાઓ સાફ દેખાવા લાગ્યા.જો કે લારી ગલ્લાના દબાણો હઠાવવાથી તેના લગતાં કેટલાક સંગઠનો વિરોધ નોધાવી રહ્યા છે.જેમાં દબાણો હટાવવાને કારણે લોકોની રોજગારી છીનવાઇ રહી છે તો તેની સામે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા મળે તેવી રજુઆતો કરાઇ રહી છે.મોટા મોટા કોમ્પલેક્ષો પાસે પાર્કિંગ વ્યવસ્થા નથી કારણકે મ્યુની.બાંધકામની રજાચિઠ્ઠી આપી અને બીયુ પરમીશન પણ આપી દીધુ પરંતુ એ દરકાર કરી નથી કે વાહનોનું પાર્કિંગ કેવી રીતે થશે. કેટલાક કોમ્પલેક્ષોમાં બિલ્ડરો પાર્કિંગ ઝોન વેચી દીધા છે અને ત્યાં દુકાનો બની ગઇ છે.હવે પાયાનો પ્રશ્ન થાય છે કે ઈમ્પેક્ટ ફી ભરી દીધા પછી આ બધી કટાકુટનો મામલો હલ કેવી રીતે કરવો.

શહેરી વિસ્તારોમાં ચાલવાની જગ્યા નહોતી અને ફુટપાથો પર ફેરીયાઓનો કબજો એ રીતે હતો કે લોકોને ચાલવાની તકલીફો પડતી પરંતુ ભરપુર હપ્તા મળતા હોવાથી કોઇ સાંભળતું જ નહોતું.ભલુ થજો કે હાઈકોર્ટે એવી ચીમકી આપી અને પરિણામે વ્યવસ્થિત થવા માટે અધિકારીઓ કામે વળગ્યા.શહેરી વિસ્તારોમાં પાથરણા કે ફુટપાથની જગ્યાઓ પર માફીયા અને મ્યુની.ના સત્તાવાળાઓ ગેરકાયદેસર નાણાં ઉઘરાવીને લોકોને રોજગારી પુરી પાડવાનો ખેલ પાડતા હોય છે.બેઉ બાજુ પોતાના હાથ મજબુત બનાવતા હોય છે.અત્યાર સુધી ગેરકાયદેસર રીતે નાણાં કમાયા છે અને હવે વ્યવસ્થા સારી બનાવવા માટે હાઈકોર્ટના હુકમનું પાલન કરતાં લોકોની રોજગારી ઝુંટવાઇ ગઇ છે તેવી રજુઆતો પણ તેમના પાલતુ સંગઠનો દ્વારા કરવામાં આવી રહ્યું છે.હજારો લોકો ફુટપાથ ઉપર પોતાના ધંધો કરી રોજગારી મેળવતા હોય છે તેની ના નથી પરંતુ તેનાથી લોકોની સ્વતંત્રતા અને અધિકારો છીનવાઈ ન જાય તે પણ જોવાનું અગત્યનું છે.

રોડ ઉપર પાકા દબાણો કરી દેવાયા હતા જે લગભગ મોટા પ્રમાણમાં તોડવાની પ્રક્રિયા ચાલી રહી છે.રાજકારણીઓના ઓછાયા હેઠળ કરાયેલા ગેરકાયદેસરના દબાણો પર રોકેલા નાણાં બરબાદ થવાથી તેના પાછળ રોકાયેલા લોકોમાં આક્રોશ વ્યાપે તે નક્કી છે પરંતુ કોર્ટની અવગણના કરવી પણ પોષાય તેમ નથી.કોર્ટે એકદમ સખ્ત પગલાં લેવાની ચીમકી આપતાં બધા જ સફાળા જાગી ઉઠ્યા છે.

### જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# માનવજીવનના મૂળભૂત સિધ્ધાંત જ સહકાર છે

ગુજરાતીમાં કહેવત છે કે ‘વિના સહકાર નહીં ઉદ્ધાર’. જે કાર્ય એકલો માણસ કરી શકતો નથી તે સમુહ દ્વારા સારી રીતે થતું હોય છે. એક રીતે જોઈએ તો માનવ સંસ્કૃતિ જેટલો સહકાર પુરાણો છે.આપણે જાણીએ છીએ કે, આપણી સંસ્કૃતિ સહકારની છે. સાથે કામ કરવાની વાત કોઈ નવી નથી. માણસના વિકાસમાં સહકારની આવશ્યકતા છે. માનવ સમાજનું કલ્યાણ કરવા, આર્થિક-સામાજિક કાર્યો સારી રીતે પુરાં પાડવા માટે, શાંતિ-સમૃધ્ધિ અને સલામતી માટે સહકાર અત્યંત જરુરી છે.માનવજીવનનો મૂળભૂત સિધ્ધાંત જ સહકાર છે.એના આધારે જ જીવનનો વિકાસ થાય છે.આપણે કહીએ છીએ કે એક હાથે તાળી પાડી શકાતી નથી,તાળી પાડવા માટે બે હાથ ભેગા કરવા પડે છે.બે વ્યક્તિઓના હાથ ભેગા થાય ત્યાંથી જ સહકાર શરુ થાય છે.સહકાર જ જીવનના વિકાસનો સંદેશો આપે છે.જે લોકો કોઈનો સહકાર લેતા નથી એ પ્રગતિ કરી શકતા નથી.ઝાઝા હાથ રળિયામણા, હોય છે. હાથોહાથ જે કામ થાય છે તે એકલો માણસ કરી શકતો નથી.સાથે રહીને કામ કરવાથી કોઈ એક વ્યક્તિના ખભે બધો ભાર આવતો નથી.કામ વહેચાઈ જાય છે.અને એમાં ઝડપ આવે છે.એક વ્યક્તિ જે દસ દિવસમાં કામ પુરુ કરી શકે છે એ જ કામ ઝાઝા લોકો દ્વારા બે દિવસમાં પુરુ થઈજતું હોય છે.યોગ્ય કામની યોગ્ય ઝડપ એ જ પ્રગતિની નિશાની છે.

સહકાર એટલે સાથે મળીને કામ કરવું તે, બીજાને મદદગાર થવું તે. આપણે ત્યાં સહકારી સંસ્થાઓ શરુ થવાના કારણે સામાન્ય લોકોને એના લાભ મળતા થયા છે.બર્નાડ રસેલે કહ્યું છે : ‘માનવ જાતને જો કોઈ બચાવી શકે તો તે સહકાર છે.’આપણે જાણીએ છીએ કે , આજના યુગમાં પૈસાદાર વધુ પૈસાદાર અને ગરીબ વધુ ગરીબ બનતો જાય છે.એમાંથી બચવા માટે સામાન્ય લોકોનું સંગઠન રચી ગરીબોને જીવવાનો અધિકાર પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા સહકાર પુરી પાડે છે.એવું અર્થશાસ્ત્રીઓ કહે છે.એક બધાને માટે અને બધા એક માટે, સહકારી માળખા અને આંતરરાષ્ટ્રીય ધોરણે એનું સંગઠન છે. સપ્ટેમ્બર - ૧૯૯૫માં માંચેસ્ટરમાં આંતરરાષ્ટ્રીય સહકારી કોગ્રેસમાં સહકારી મંડળીની નવેસરથી વ્યાખ્યા કરવામાં આવી છે.સહકારી મંડળી એ એક એવું સ્વાયત મંડળ છે જેમાં લોકો સ્વેચ્છાએ પોતાની આર્થિક-સામાજીક અને સાંસ્કૃતિક જરુરીયાતો અને અપેક્ષાઓ સંતોષવા,સંયુક્ત માલિકીવાળા, લોકશાહી પધ્ધતિએ સંચાલિત, એવા સાહસ-મંડળ દ્વારા ભેગા મળી જોડાય છે. આ તો સહકારી સાહસ માટેની વ્યાખ્યારુપ છે.સર માલ્કમ ડાર્લિંગે કહ્યું છે : ‘સહકાર એ એક સંગઠન કરતાં કંઈક અધિક છે. તે એક ભાવના છે.જેની અસર હૃદય અને મન બંને પર થાય છે.તે વેપાર-ધંધાને સ્પર્શતો ધર્મ છે, તે આત્મનિર્ભરતા અને સેવાનો સંદેશ છે.’

કોઈ પણ વ્યક્તિ સફળતાના શિખરે પહોચી હોય તો જાણજો કે એની નિસરણીના પગથિયા ઘણાં લોકો હશે.માણસની પ્રગતિ કે એની મહાનતામાં બીજા લોકોનો સહકાર જ કારણભુત હોય છે.મહાનતાનો માર્ગ બીજાઓની સાથે જોડાયેલો છે.પોલેન્ડમાં એક કહેવત છે જેમાં કહેવાયું છે કે એક કરતાં બે માથા સારાં.સહકારથી જ માર્ગ કપાય છે.સહકારથી જ જીવન સરળ બને છે.સહકાર જ માનવજીવનની પ્રગતિનો પાયો છે.જ્યાં અરસપરસ સહકાર નથી ત્યાં વિનાશનાં એંધાણ જોવા મળે છે.હર્બટ કાલ્વટે કહ્યું છે કે : સહકાર એક એવું સ્વેચ્છીક સંગઠન છે કે જેમાં વ્યક્તિઓ સમાનતાના ધોરણે માનવ તરીકે કે તેમના આર્થિક હિતો પાર પાડવા માટે એકત્ર થાય છે.જીવનનો પથ ઘણો કપરો હોય છે.માણસ એકબીજાના સહકારથી તે કાપતો હોય છે.ઘણા લોકો કહે છે કે એકલા એકલા ચાલવાથી રસ્તો ખુટતો નથી. બે કે વધારે લોકો સાથે ચાલતા હોવ તો રસ્તો ક્યારે કપાઈ જાય એની ખબર જ પડતી નથી.સહકારથી લોકો પરસ્પર સહાયના જુસ્સાથી સાથે મળીને કામ કરવાની પ્રેરણા મેળવે છે.જીંદગીની સારી વસ્તુઓ વધુ સારી રીતે મેળવવા એ તમને મદદ કરે છે.એ લોકોને પોતાને માટે બારોબાર કામ કરવા માટે ધંધામાં જોડે છે.

સહકાર શું કરી શકે છે ?જેમ્સ કેશ પેનએ કહ્યું છે કે :’ સન્માન યોગ્યતાને સંબોધે છે. અન્ય પરનો વિશ્વાસ આત્મવિશ્વાસનું મુળ છે.સેવા સંતોષ આપે છે.સહકાર નેતૃત્વના ગુણને સાબિત કરે છે.કોઈપણ કામ ઘણા લોકો કરતા હોય ત્યારે એમને યોગ્ય માર્ગદર્શન આપનાર તો જોઈએ કે નહી ? સાથે રહેવું એ જ સૌથી મોટો સહકાર છે.એ જ ઉત્તમ સિધ્ધિ છે’.માર્ટિન લ્યુથર(કીંગે)જુનીયરે કહ્યું છે : ‘આપણે ભલે જુદા જુદા જાહજોમાં આવ્યા હોઈશું, પરંતુ અત્યારે તો એકજ નૌકામાં સવાર છીએ. એક સાથે રહીને પરસ્પર સહકાર આપવો એ જ સાચું જીવન છે.જે સાથે રહી શકતા નથી તે કશું કરી શકતા નથી’.આપણા જીવનની નૌકા સંસારરુપી સાગરમાં તરી રહી છે.એમાં આપણે એકલા સવાર નથી.આપણી સાથે હજારો-લાખો પ્રવાસીઓ બેઠેલા છે.એ સૌની સાથે આપણે ભાઈચારો રાખીને આગળ વધવાનું છે.આપણે આગળ જોયું તેમ સહકારમાં નેતૃત્વ મહત્વનું છે.ગુજરાતીમાં કહેવત છે કે’ જેનો આગેવાન આંધળો એનું કુટુંબ કુવામાં ‘ સહકારથી જે કામ કરનારા છે,એમને યોગ્ય દોરવણી મળવી જોઈએ.દોરવણી આપનાર સૌમ્ય પ્રકૃતિ અનો દીર્ઘદ્રષ્ટા હોવા જોઈએ.વિલિયમ આર્થર વોર્ડે યોગ્ય જ કહ્યું છે કે : ‘નેતૃત્વ પ્રેરણા પર આધારિત છે- પ્રભુત્વ પર નહીં, સહકાર પર આધારિત છે.ધમકીઓ પર નહીં ‘જ્યાં માલિકીભાવની માત્રા વધારે હોય છે ત્યાં સહકાર રહેતો નથી.માણસ તમારાથી થોડોક સમય દબાયેલો રહે, પણ કાયમ માટે તો નહીં જ. જે ખોટું છે,ખરાબ છે એની સામાં માથું ઉંચકવું જોઈએ. ગાંધીજીએ કહ્યું છે કે દુષણો સામે અસહકાર એ પવિત્ર ફરજ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
( સૌ.સંદેશ)



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

# દેશમાં આતંકવાદથી થતા મોત કરતાં વધુ મોત દેશભરના માર્ગોમાં પડેલા ખાડાઓથી થાય છે



સુપ્રીમ કોર્ટે દેશભરમાં માર્ગો પર ખાડાને કારણે થતા અકસ્માતોમાં મોતને ભયાવહ ગણાવીને કહ્યુ હતું કે આવી ઘટનાઓમાં મોતનો આંકડો દેશમાં આતંકી હુમલામાં થતા મોત કરતાં વધુ છે.ભારતમાં માર્ગ સલામતીને લગતી મેટર પર સુનાવણી કરતી વેળાએ જસ્ટીસ મદન બી લોકુર અને દીપક ગુપ્તાની બેન્ચે કહ્યુ હતું કે ખાડાને કારણે થતાં અકસ્માતોના કારણે તેમનું જીવ ગુમાવનારા લોકોને વળતર મળવું જોઈએ. મીડીયાના અહેવાલોને ટાંકીને બેન્ચે કહ્યુ હતું કે આ સામાન્ય જ્ઞાનનો મામલો છે કે માર્ગો પરના ખાડાને કારણે થતાં અકસ્માતોમાં મોતની સંખ્યા વધુ છે.અને માર્ગોના સમારકામની જવાબદારી જેમના શીરે છે તે સત્તાવાળાઓ તેમની ફરજ યોગ્ય રીતે અદા કરતા નથી. રોડ સેફટી અંગેની સુપ્રીમ કોર્ટની કમિટીને આ અત્યંત ગંભીર મામલે દેખરેખ રાખવા અને બે અઠવાડિયામાં એક રીપોર્ટ ફાઈલ કરવા કહ્યુ હતું.આ ભયાવહ છે. આ જીવન કે મોતને લગતો છે. તેમ જણાવતાં બેન્ચે ઉમેર્યું હતું કે કોઈને માર્ગચ પર ખાડા ક્યાં મળશે અને ક્યારે ઘાતક અકસ્માત સર્જાશે તેની ખબર હોતી નથી.

# શિવસેના-બીજેડી લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પરથી ચર્ચા અને વોટિંગથી દુર રહ્યા : શિવસેનાએ બહિષ્કાર કર્યો અને બીજેડીએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો

લોકસભાની અવિશ્વાસની  દરખાસ્ત પર શિવસેના અને બીજુ જનતાદળે તેનું વલણ સવારથી સ્પષ્ટ રાખ્યુ હતું.શિવસેનાએ દસખાસ્ત પરની ચર્ચા અને વોટિંગનો બહિષ્કાર કર્યો હતો.તો બીજેડીએ ગૃહનો ત્યાગ કરીને તેનો વિરોધ દર્શાવ્યો હતો.તેમની પાર્ટી અવિશ્વાસના મતમાં ભાગ લેશે કે કેમ તેવા સવાલના જવાબમાં શિવસેનાના લોકસભામા સાંસદ એનાદ્રાઓ અડસુલે કહ્યુ હતું કે નહિ અમે અમારી હાજરી પર પણ હસ્તાક્ષર નથી કર્યા.અગાઉ મુખપત્ર સામનામાં લખાયું હતું કે વિરોધ પક્ષ પણ જાણે છે કે સરકારને પાડી દેવા માટે તેની પાસે આંકડા નથી.પરંતુ સરકારને તોડી પાડવા માટે નહીં પરંતુ તેને વધુ જવાબદાર બનાવવા માટે આ દરખાસ્ત લાવવામાં આવી છે.

બીજી બાજુ બીજુ જનતા દળના નેતાઓએ અવિશ્વાસની દરખાસ્ત પર ચર્ચા દરમિયાન સંસદના ચાલુ સત્રમાંથી વોકઆઉટ કરી ગયા હતા.તેના સાંસદ ભાતૃહરિ મહેતાએ સ્પીકર સુમિત્રા મહાજનને કહ્યુ કે યુપીએ અને એનડીએ સરકારે ઓડીશાના લોકો સાથે અન્યાય કર્યો છે.આ ચર્ચા કોઈ પણ રીતે દેશના લોકો માટે ફળદાયી નથી. આથી અમને વોકઆઉટ કરીએ છીએ.ચર્ચામાં ભાગ લેવાના નથી.ઉલ્લેખનીય છે કે શિવસેનાએ અવિશ્વાસની દરખાસ્તને સમર્થન આપવા કે કેમ તે મામલે તેના પાના ખોલ્યા નહોતા.વ્હીપ જારી થયાના થોડાક કલાકોની અંદર શિવસેનાએ રુખ બદલી નાંખ્યો હતો.

# દેશની કરુણ સ્થિતિમાં લોકો મુક્તપણે બોલી પણ શકતાં નથી : બોમ્બે હાઈકોર્ટ

રેશનાલિસ્ટ નરેન્દ્ર દાભોલકર અને ગોવિંદ પાનેસરની હત્યાના કેસમાં તપાસ કરી રહેલી કેન્દ્રીય અને રાજ્યની એજન્સીઓની આકરી ટીકા કરતાં બોમ્બે હાઈકોર્ટે જણાવ્યુ હતું કે દેશમાં કોઈપણ મુક્તપણે બોલી કે હરીફરી ના શકે તેવી કરુણ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હોવા છતાં સત્તાવાળાઓના પેટનું પાણી હાલતું નથી.હત્યાની તપાસમાં નક્કર પ્રગતિ પણ સધાતી નથી.

જસ્ટીસ ધર્માધિકારી અને ભારતી ડાંગરેની બનેલી બેન્ચે તપાસથી પોતે સંતુષ્ટ ના હોવાનું જણાવીને મહારાષ્ટ્ર સીઆઈડી અને સીબીઆઈ દ્વારા રજુ થયેલા ખાનગી અહેવાલને પરત સોપતાં કહ્યુ હતું કે આ અહેવાલમાં કાંઈ ગોપનીય નથી.

ડાભોલકરા સવારે ફરવા નીકળ્યા હતા ત્યારે ૨૦ ઓગષ્ટ ૨૦૧૩ના રોજ તેમની હત્યા થઈ હતી. પાનસરે પર ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ ગોળીબાર થયો હતો અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

ડાભોલકરના કેસમાં સીબીઆઈ અને પાનસરે હત્યા કેસમાં રાજ્યની સીઆઈડી તપાસ કરી રહી છે. આ બંને કેસમાં કોર્ટની નજર હેઠળ તપાસ કરવાની માંગણી સાથે કુટુંબીજનોએ કરેલી અરજીની સુનાવણી કરી રહેલી બેન્ચે જણાવ્યુ હતું કે તપાસથી કોર્ટને સંતોષ નથી.કેસની તપાસ કરી રહેલા અધિકારીઓ તપાસમાં જરાપણ સંવેદના દાખવી નથી રહ્યા. જો કે કોર્ટની વારંવાર ટકોર છતાં એજન્સી બરાબર કામ કરતી ન હોવા છતાં કોર્ટ હવે મજબુર બની છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

# સરકાર સામે અવિશ્વાસની દરખાસ્તની ચર્ચા દરમિયાન વડાપ્રધાન પર રાહુલગાંધી ભારે શાબ્દિક પ્રહારો કર્યા



અવિશ્વાસના પ્રસ્તાવ પરની ચર્ચા પર લોકસભામાં બોલતાં કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર ભારે શાબ્દિક પ્રહારો કર્યા હતા.રાહુલે રફાલ ફાઈટર વિમાની સોદામાં કૌભાંડ થયું હોવાનો આરોપ મુકીને નરેન્દ્ર મોદી દેશના ચોકીદાર નથી પરંતુ ‘ભાગીદાર’ હોવાનું કહ્યુ હતું. રાહુલે કહ્યુ હતું કે દેશના લોકો તેમની કરામતનો ભોગ બન્યા ચે.તમામ દિશાએથી વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા પછી રાહુલ ગાંધીએ મોદીને ભેટવાનું કામ કર્યુ હતું. જેના કારણે સહુ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

રફાલ સોદા ઉપર બોલતાં તેમણે કહ્યુ હતું કે મને એ વિશે બોલતાં જરા પણ ખચવાટ થતો નથી કે વડાપ્રધાન મોદીના દબાણથી સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન કોને મદદ કરી રહ્યા છે. જે કંપનીને નાની ટાંકણી બનાવવાનો અનુભવ નથી અને જેના માથે રુપીયા ૩૫ હજાર કરોડનું દેવું છે. તેને મોદીજીએ ૪૫ હજાર કરોડન રફાલ વિમાનનો કોન્ટાકટ આપી દીધો છે.આ કોન્ટ્રાક્ટ હિન્દુસ્તાન એરોનોટિક્સ લી. પાસે હતો. પણ છીનવી લેવાયો છે.આમ કહીને રાહુલે કહ્યુ કે પોતાને દેશના ચોકીદાર કહેતા મોદી ખરેખર તો આ ડીલના ભાગીદાર છે.અને પપ્પુ કહીને ભલે તિરસ્કારે છે પરંતુ તેમને મોદીજી પ્રત્યે કોઈ વેર ભાવના નથી.તેમના પ્રત્યે મને કોઈ રોષ નથી.મોદી અને અમિત શાહ દ્વારા જે તિરસ્કાર અને રોષ ફેલાવાઈ રહ્યા છે તેમાં સત્તા ગુમાવવાની બીક છે.

# થર્ડ પાર્ટી વીમા વગર ફોર-ટુ વ્હીલર વેચી નહીં શકાય.૧લી સપ્ટે.થી ફરજીયાત વિમો લેવા પડશે

વાહન કંપનીઓ દેશમાં પહેલી સપ્ટે.થી થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ વગર ફોર કે ટુ વ્હીલર્સનું વેચાણ નહીં કરી શકે. તેમને આ બન્ને પ્રકારના વાહનો માટે અનુક્રમે બે વર્ષ અને પાંચ વર્ષ માટે ફરજીયાત વીમો લેવો પડશે તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યુ છે.માર્ગ અકસ્માતમાં ભોગ બનેલાઓને વળતર મળી શકે તે માટે આ પગલું ભરવામાં આવ્યું છે.આ મામલે વીમા કંપનીઓએ આર્થિક દષ્ટિકોણ નહીં પરંતુ માનવીય અભિગમ અપનાવવું જોઈએ તેમ સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું. કાર અથવા બાઈકની ખરીદી પહેલી વખત થાય ત્યારે થર્ડ પાર્ટી વીમો આપવામાં આવે છે તેમ જણાવતાં એમિક્સ ક્યુરે ગૌરવ અગ્રવાલે ઉમેર્યું હતું કે પરુતં એ પછીના વર્ષમાં વીમો લેવાતો નથી.એવા ૬૬ ટકા વાહનો છે જેમની પાસે થર્ડ પાર્ટી વીમો નથી.વીમા કંપનીઓની દલીલ હતી કે એકજ ઝાટકે ૨૦ વર્ષ માટે થર્ડ પાર્ટી વીમો લેવાનું શક્ય નથી.એ ફચી એક કમિટીએ ઉલ્લેખ કર્યો હતો કે થર્ડ પાર્ટી કાર વીમાની મુદત વધારીને ત્રણ વર્ષ કરી શકાય છે જ્યારે ટુ વ્હીલર્સ અથવા મોટરસાઈકલનો વિમમો પાંચ વર્ષ માટે કરી શકાય છે.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઈ શકે છે.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## સરકાર મીડીયાને ધમકાવી રહી છે : કોંગ્રેસનો સંસદમાં આક્ષેપ

કોંગ્રેસે લોકસભામાં આક્ષેપ કર્યો હતો કે શાસનની ટીકા કરતી સ્ટોરીઝનું પ્રસારણ કરવા બદલ સરકારના દબાણથી એક અગ્રણી ચેનલના એક સિનિયર એક્ઝિક્યુટીવ અને અન્ય બે સ્ટાફે રાજીનામું આપ્યું છે.જો કે માહિતી પ્રસારણ મંત્રી રાજવર્ધનસિંહ રાઠોડે આ આક્ષેપને નકારી કાઢ્યો હતો.તેમણે કહ્યુ હતું કે ચેનલના આંતરિક મામલા સાથે સરકારને કોઇ નિસ્બત નથી.અને વિરોધ પક્ષની પાસે ગૃહમાં ઉઠાવવા માટે કોઇ મુદ્દો નથી તેથી આ મામલો છેડી રહ્યો છે.પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતાં ખડગેએ આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન મોદી સાથેની ચર્ચા પોતાની આવક બમણી થઇછે તેવી છત્તીસગઢની એક ખેડુત મહિલાના દાવાનો રોયલ્ટી ચેક હાથ ધરાયા બાદ સરકારના દબાણને કારણે ચેનલમાં ૧૪ વર્ષ સુધી સેવા આપનાર એકઝીક્યુટીવને રાજીનામું આપવાની ફરજ પડી છે.કોંગ્રેસ નેતાએ વિપક્ષમાં આક્ષેપ કર્યો હતો કે આ કમનસીબ બાબત છે કે મીડીયાને તેની ફરજ અદા કરવા બદલ નિશાન બનાવવામાં આવી રહ્યું છે.

## એસ.સી,એસ.ટીને અન્યાય,બઢતીમાં અનામત જરુરી : કેન્દ્ર

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ છે કે દેશમાં અનુસુચિત જાતિ અને જનજાતિના લોકોને છેલ્લા ૧૦૦૦વર્ષથી અન્યાય થઇ રહ્યો છે અને તેમના ઉત્થાન માટે પ્રમોશનમાં પણ અનામત હોવી જરુરી છે.સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા, જસ્ટીસ કુરીયન જોસેફ, જસ્ટીસ આર.એફ.નરીમાન, જસ્ટીસ સંજય કિશન અને જસ્ટીસ ઇન્દુ મલ્હોત્રાની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન દલીલ કરતાં એટર્ની જનરલ વેણુ ગોપાલે કહ્યુ કે નાગરાજ મામલામાં સુપ્રીમ કોર્ટમાં બંધારણીય બેન્ચના ચુકાદાની જરુર છે.વેણું ગોપાલે કહ્યુ કે જો દલિતો અને આદિવાસીઓને સરકારી નોકરીઓમાં પ્રમોશનમાં અનામત ન આપવામાં આવે તો તેનાથી સુધારાનો ઉપાય ખોટો આભાસ બનીને ર હી જશે.સુપ્રીમ કોર્ટે સરકારને સવાલ કરતાં કહ્યુ કે કોઇપણ રાજયમાં સરકારી સ્તરે અલગ અલગ કેડરમાં દલિતો-આદિવાસીઓના ઓછા લોકોની હાજરીને સમુચિત સ્તરે લાવવાની કોશીશ કેમ થતી નથી ?આ સવાલના જવાબમાં સરકારે એવી દલીલ કરી હતી કે આ આંકડા ઉપરથી નીચે થતો રહે છે.નોકરી દરમિયાન લોકો રિટાયર થતાં રહે છે.ખાલી જગ્યાઓને એકાએક ભરી શકાતી નથી. ઉલ્લેખનીય છે કે સુપ્રીમની બંધારણીય બેન્ચે સરકારી નોકરીઓમાં પદોન્નિત માટે ક્રીમીલેયર મામલે એસસી-એસટી અનામત મુદ્દે પોતાન જ ૧૨ વર્ષ જુના ચુકાદાની હાલ સમીક્ષા કરી રહી છે.બેન્ચે એ અંગે પણ વિચારણા કરી રહી છે તે આ કેસની પુનઃ વિચારણાય માટે સાત જજોની બેન્ચની જરુર છે કે કેમ ?

એમ.નાગરાજ વિરુધ્ધ કેન્દ્ર સરકારના મામલામાં એસસી-એસટીને બઢતીમાં અનામત આપવાના કાનુનને કોર્ટે યોગ્ય ઠેરવ્યો હતો. જો કે તેણે એમ કહ્યુ હતું કે આ પ્રકારની અનામત આપતાં પહેલા સરકારે પછાતપણા અને સરકારી નોકરીમાં પ્રતિનિધિત્વના આંકડા એકત્ર કરવા પડશે.આ ચુકાદાને કારણે તમામ રાજયોમાં એસસી-એસટીની બઢતીમાં અનામત આપવાના કાયદા રદ થતા રહ્યા છે.તાજેતરમાં બિહાર,મધ્યપ્રદેશ અને ત્રિપુરામાં આવું થઇ ચુક્યું છે.જસ્ટીસ નરીમાને સવાલ કર્યો તો તેના પ્રત્યુત્તરમાં એટર્ની જનરલે કહયું કે આ મામલો પુરતા પ્રતિનિધિત્વનો નથી.જેમ ૧૦૦માંથી ૨૩ નોકરી એસસી-એસટીને અપાય છે.એ જ રીતે ઉચ્ચ પદો પર બઢતી પણ આપવી જોઇએ. અમે ઇચ્છીએ છીએ કે ઉચ્ચ પદો પર આ સમુદાયને ઉચિત પ્રતિનિધિત્વ મળી રહે.

## સોશ્યલ મીડીયા હબની રચના નહીં કરાય : કેન્દ્ર સરકાર

દેશના નાગરિકોના સોશિયલ મીડીયામાં ડોકિયું કરવાના સરકારના પ્રયાસો સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરતાં હવે કેન્દ્ર સરકારે પીછેહઠ કરવાનો નિર્ણય લીધો છે.થોડા સપ્તાહ પહેલાં સરકારે ઓનલાઇન ડેટા પર નિયંત્રણ લાદવા માટે સોશ્યલ મીડીયા કોમ્યુનીકેશન હબની રચના કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો.સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરતાં જણાવ્યુ હતું કે સરકાર દરેક નાગરિકના સોશ્યલ મીડીયામાં ડોકિયું કરી દેશને સર્વેલન્સ સ્ટેટ બ નાવી દેવા માંગે છે. સરકારના આ નિર્ણયને તુણમુલ કોંગ્રેસના ધારાસભ્ય મહુઆ મોઇત્રાએ પડકાર આપતાં સુપ્રીમ કોર્ટે સરકારને નોટીસ પાઠવી હતી.પરિણામે સરકારે આ બાબતમાં પીછેહઠ કરી હતી.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## આપણી શાળાઓમાં પણ આવી તાલીમ અપાય તો ?

અમેરિકાની બસોમાં અને ટ્રેનોમાં પીક અવર્સ દરમીયાન ખાસી ભીડ હોય છે.પ્રવાસીઓ ઉભા ઉભા મુસાફરી કરતા હોય એવા દશ્યો વારંવાર જોવા મળે છે.ઓફિસો શરૂ થવાનો કે છુટવાનો સમય હોય ત્યારે હું અને મારા પત્ની ટ્રેનમાં કે બસમાં પ્રવેશીએ ત્યારે અચુક એક આનંદપ્રદ અનુભવમાંથી પસાર થવાનું બને.અમને જોઇને પાંચ સાત યુવક-યુવતીઓ પોતાની સીટ પરથી ફટાફટ ઉભા થઇ જાય અને પોતાની જગા પર સ્થાન લેવા અમને ઇશારો કરે. આવો અનુભવ અન્ય ઘણા દેશોમાં અમને થયો છે. ટ્રેન કે બસમાં મુસાફરી કરતી યુવાપેઢી તોફાન કરે,ગાળો બોલે,ગંદા જોકસ સંભળાવે અને સહપ્રવાસીઓને રંજાડે એવું દશ્ય કદી જોવા મળતું નથી. દર દસે ત્રણ પ્રવાસીઓના હાથમાં વાંચન સામગ્રી હોય છે.અને તેઓ ધ્યાનથી એમાં ડુબેલા જોવા મળે.સ્ટેશન આવે ત્યારે ઉતરનારા પ્રવાસીઓ ઉતરી ગયા બાદ જ બહારના મુસાફરો ક્યુમાં એક પછી એક બસમાં કે ટ્રેનમાં દાખલ થાય. અમેરિકાની બસોમાં કંડકટર હોતા નથી. ડ્રાઇવરની જમણી બાજુએ બોકસ હોય તેમાં નિર્ધારિત ભાડુ ચુકવીને બસમાં બેસી જવાનું.કદી કોઇ ડ્રાઇવરે હાથમાં પૈસા લઇને ખીસામાં મુક્યા હોય એવું બન્યું નથી.અરે ડ્રાઇવર કે મુસાફર એવી ગોઠવણી કરવાની કલ્પના કરવાથી પણ ધ્રુજે. જાહેર માર્ગો પર કે શેરીઓના નાકે ટપોરીઓ જતી આવતી છોકરીઓની કે યુવતીઓની છેડતી કરતા હોય એવું દશ્ય પણ અંહી દુર્લભ. બેંકોમાં, સરકારી કચેરીઓમાં, રેસ્ટોરાંમાં અને શોપીંગ મોલમાં આપણને સ્મિત સાથેની સેવા મળે અને જતી વખતે થેન્ક યું સાંભળવા મળે. આ બધી જ સેવાઓ વિના વિલંબે પ્રાપ્ત થાય છે. રોન્ગ સાઇડ પર વાહન ચલાવતાં પરાક્રમી છોકરા-છોકરીઓ કે સ્ત્રી પુરુષો અંહી કદી જોવા ન મળે.ખોટી જગ્યાએ વાહન પાર્ક કરે એ મર્યો સમજો.અહીં કાર કોણે પાર્ક કરી છે,એવી બુમો પાડતો પાડતો પોલિસ ઓફિસર તમને શોધવા ન નીકળે.સો ડોલર્સની પેનલ્ટીની ટિકિટ તમારી કારના લલાટે ચોંટાડીને એ ચાલ્યો જાય.તમારે કોઇ દલીલ વગર, રકઝક વગર કે ભ્રષ્ટ પ્રધાનની ધમકી આપ્યા વગર વાંકા વળીને દંડ ભરી દેવાનો.ફરજ પરના પોલિસ અધિકારી પર હુમલો કરવાની સજા ખુબ ભયાનક છે.પ્રજાના પૈસે થોડે થોડે દાડે, અમેરિકા,કેનેડા કે ઓસ્ટ્રેલીયા દોડી જતા પ્રધાનો અને સાંસદો ને આ બધી ખબર હશે જ ને ?

બાળકોને અને યુવા પેઢીને સંસ્કાર આપવાનું તથા શિષ્ટાચાર અને સદાચાર શીખવવાનું કામ પરિવારોનું અને શૈક્ષણિક સંસ્થાઓનું છે.અમેરિકામાં આ ફરજ બજાવવામાં કેટલાક પરિવારો ઉણા ઉતરે છે. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓ પુરી નિષ્ઠાથી સજાગપણે આ ફરજ બજાવે છે.મારી પૌત્રી ન્યુજર્સી સ્ટેટની પબ્લીક સ્કુલમાં ચોથા ધોરણમાં ભણે છે. શાળાનું નામ જ એમ.કે.ગાંધી એલિમેન્ટરી સ્કુલ છે. વિદ્યાર્થીઓને જે ઓળખપત્રો અપાયા છે તેના પર સ્કુલનું નામ મહાત્મા ગાંધી સ્કુલ એ રીતે દર્શાવાયું છે. શાળાને નામ આપવામાં દુરંદેશી દાખવીને સ્કુલ બોર્ડે સંસ્કાર અને મુલ્યોનું સિંચન કરવાનો પ્રયત્ન કર્યો છે. શાળાની વાલી સભામાં હાજરી આપવાની મને તક મળી. મે શિક્ષકોને પુછયું, આપની શાળાનું વિઝન અને મિશન શું છે ? એમણે એક જ વાક્યમાં ઉત્તર આપ્યો, રાષ્ટ્ર અને વિશ્વ માટ શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવા, અહીં બાળકોને જીવનલક્ષી કૌશલ્યો શીખવા પર ભાર મુકાય છે.વ્યક્તિનું સ્વાતંત્ર્ય હણાય નહીં તેની કાળજી રાખવામાં આવે છે.એડમિશન પેટે,ફી પેટે ડોનેશન પેટે બાળકો કે વાલીએ એક પણ પૈસો આપવાનો નથી.યુનીફોર્મ વાજબી ભાવથી શાળામાંથી અપાય છે.નાસ્તો,જ્યુસ,સોફ્ટ ડ્રીંકસ બધું શાળા તરફથી અપાય છે. જે માટે કોઇ ફી ભરવાની હોતી નથી.શિક્ષકો ટ્યુશન કરતા નથી.અને વિદ્યાર્થીઓને ટ્યુશન આવવા દબાણ નથી કરતા.વિદ્યાર્થીઓને વિષયોનું શિક્ષણ આપતી વખતે વ્યવહાર,જીવનલક્ષી તાલીમ પણ આપવામાં આવે છે.

દેશને માટે શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવાનો અર્થ છે,બાળકો કાયદાને માન આપે, સૌની સાથે માનવતાપુર્ણ વ્યવહાર કરે તથા પરિવાર જીવનને સર્વોચ્ચ મહત્વ આપે.અહીં વીક એન્ડનો મહીમા અપરંપાર છે.શનિ-રવિ બાળકોને પેરેન્ટ્સ સાથે રહેવાની અને જીંદગીનો આનંદ માણવાની તક મળે છે.અહીં વૈયક્તિકતાનું ગૌરવ સચવાય છે.વ્યક્તિ પર સમાજ હાવી થઇ જાય એવું મહદ અંશે બનતું નથી.અમેરિકામાં બાળકોને નીતિ અને મુલ્યોની તાલીમ શાળા,કોલેજો અને યુની. મળે છે.પરિવારોએ એ વિશેષાધિકાર ગુમાવી દીધો હોવાનું દીસે છે.અંહી સવર્ત્ર બધું જ સારું છે. એવું કહેવાનો ઇરાદો નથી. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓની ભુમિકા આખી દુનિયાને અને વિશેષ કરીને ભારતને પ્રેરણા બક્ષે તેવી છે.ભારતમાં વિદ્યાર્થી અવસ્થામાં બાળકો અને યુવા પેઢી જે પામે છે , જે મેળવે છે તેનું મુલ્યાંકન કરવામાં આવે તો અહીં નિર્દેશેલી બધી વાતોના પુરાવા સાંપડવાની સંભાવના છે. બોર્ડમાં અને યુની. પરિણામો જાહેર કરતી વખતે જે ગેરરીતીઓ આપણા ધ્યાન પર આવે છે તે શું સુચવે છે ? આપણે આત્મવંચનામાંથી બહાર નીકળીએ તો એ આપણા હિતમાં હશે.
-વિશ્વામિત્ર(સૌ.સંદેશ)

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.